ખાડી યુદ્ધને લઈ પેટ્રોલ નહીં મળે તેવી અફવાથી પેટ્રોલ પંપો પર લાઈનો

(પ્રતિનિધિ) ડભોઇ, તા.24

ખાડી દેશો માં યુધ્ધ ને કારણે ડભોઇ સહિત આખા ગુજરાત માં સોશિયલ મીડિયા પર ફેલાયેલ અફવા ને કારણે પેટ્રોલ પંપો પર દ્વિચક્રી અને ફોર વ્હીલર વાહનો ની કતારો લાગી હતી.ગત સાંજ થી બીજા દિવસ બપોર સુધી અસંખ્ય વાહન ચાલકો પેટ્રોલ ભરાવવા ઉમટી પડ્યા હતા.

ઈરાન ઇઝરાઇલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુધ્ધ ને કારણે આખો દિવસ મોબાઈલ પર ચીટકી રહેતા લોકો અફવાઓ ના શિકાર બન્યા હતા. રાજ્ય ભરના પેટ્રોલ પંપો પર સેંકડો વાહનો લઈ લોકો પેટ્રોલ ભરાવવા ઉમટી પડ્યા હતા. કલાકો સુધી વાહનો ની કતારો લાગી ગઈ હતી. જેમાં કેટલીક જગ્યા એ વાહન ચાલકો વચ્ચે બોલાચાલી અને મારામારી પણ થવા પામી હતી.પરિસ્થિતિ ને કાબુ માં રાખવા રાજ્ય સરકાર ને પણ લોકો ને ધીરજ રાખવા અને પૂરતો પુરવઠો હોવાની અપીલ કરવાની ફરજ પડી હતી. જ્યારે રાજ્ય સરકાર ના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના સંયુક્ત નિયામક અને નોડલ અધિકારી એ પરિપત્ર બહાર પાડી પેટ્રોલ પંપો ના વિતરકો ને સંગ્રહખોરી અટકાવવા કરાબાઓ માં પેટ્રોલ, ડીઝલ ના આપવા અને માત્ર વાહન માં જ પેટ્રોલ ભરી આપવા હુકમ બહાર પાડ્યો હતો. જ્યારે આજે બપોર બાદ પેટ્રોલ પંપો પર હવે પરિસ્થિતિ રાબેતા મુજબ સામાન્ય જણાઈ આવી હતી. જેથી લોકો એ હાશકારો લીધો હતો.

રાજ્યભરમાં પેટ્રોલ-ડીઝલની અછતની અફવાએ સંખેડાના પેટ્રોલ પંપો પર લાંબી કતારો

(પ્રતિનિધિ) સંખેડા, તા.24

સંખેડા હાંડોદ ભાટપુર પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ ભરાવવા લાંબી કતાર લાગી હતી. છેલ્લા કેટલાક દિવસથી યુદ્ધની પરિસ્થિતિ સર્જાવાને કારબો લોકોને સૌથી પહેલા ગેસ સિલિન્ડર મળવામાં મુશ્કેલી સર્જાઈ હતી જયારે હવે પેટ્રોલ ડીઝલનો જથ્થો પણ મળવાનો ઓછો થતાં પેટ્રોલ પંપ પર લાંબી કતારો લાગવાની શરૂઆત પઈ ગઈ હતી. કેટલાક પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ ડીઝલનો જથ્થો ખૂટી જતા બંધ કરવાનો વારો આવ્યો હતો જેને કારણે વાહન ચાલતો મુશ્કેલીમાં મુકાયા હતા. યુદ્ધની પરિસ્થિતિને કેટલીક કંપનીઓએ પેટ્રોલ ડીઝલના જગ્યા પર ૫૦ ટકા કાપ મુક્યો હોવાની અફવાને પગલે ફફડાટનો માહોલ સર્જાયો છે. કારણે અફવાના બજારે જોર પકડયું હતું જોકે શહેરની સાથે સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ અફવા ફેલાતા ત્યાંના પંપો પર પણ લાંબી કતારો લાગી

હતી. શહેરના અનેક પેટ્રોલપંપ ઉપર વાહન ચાલકો ઉમટી પડયા હતા. અને પોતાના વાહનમાં એક-બે નહીં પણ ટાંકી ફુલ કરાવવા લાગતા વાહનોની કતાર લાગી હતી. મુખ્ય રોડ પર આવેલા પેટ્રોલપંપની બહાર કતારો લાગતા પોલીસતંત્રની મદદ લેવાની ફરજ પડી હતી. આ માત્ર આવા હોવાની વાત સરકાર અને સરકારીતંત્ર તેમજ પેટ્રોલપંપના સંચાલકો જણાવતા હોવા છતાં લોકોમાં ફાડાટ ઓછો થયો ના હતો. બપોરની લાગેલી કતારો રાત્રે પણ પથાવત રહી હતી.

કાર અને ક્રેનિયા ધરાવનારાઓને પ્રાધાન્ય આપવાનો સંચાલકો પર આક્ષેપ

અફવાના માહોલ વચ્ચે શિનોર-દામાપુર પેટ્રોલ પંપ પર ભીડ, બાઇકચાલકોમાં અન્યાયની લાગણી

બાઇકચાલકોની માંગ : પહેલા ટુ-વ્હીલર વાહનોને આપવામાં આવે પેટ્રોલ

(પ્રતિનિધિ) શિનોર, તા.24

પેટ્રોલ અને ડીઝલની અછત અંગે ફેલાયેલી અફવાના કારણે શિનોરથી દામાપુર વચ્ચે આવેલા ઈન્ડેન ઓઈલ પેટ્રોલ પંપ ખાતે વાહનચાલકોની ભારે ભીડ ઉમટી પડી હતી. પેટ્રોલ ભરાવવા માટે લાંબી કતારો લાગી જતા લોકોમાં ગભરાટ અને અવ્યવસ્થા જેવી

સ્થિતિ સર્જાઈ હતી.

આ દરમિયાન કેટલાક બાઇકચાલકોએ આક્ષેપ કર્યો હતો કે પેટ્રોલ પંપના સંચાલકો કાર અને ક્રેનિયા લઈને આવેલા લોકોને વધારે પ્રાધાન્ય આપી પેટ્રોલ-ડીઝલ આપી રહ્યા છે, જ્યારે બાઇકચાલકોને લાંબા સમય સુધી રાહ જોવી પડી રહી છે. આ બાબતે બાઇકચાલકોએ પોતાનો રોષ વ્યક્ત કરી પહેલા બે-વ્હીલર વાહનોને પેટ્રોલ આપવામાં આવે તેવી માંગ ઉઠાવી હતી.

પેટ્રોલ-ડીઝલની અછત અંગેની અફવાઓના કારણે તાલુકા વિસ્તારમાં વિવિધ પેટ્રોલ પંપો પર આવી જ ભીડ જોવા મળી રહી છે, જેને કારણે લોકોમાં ચિંતા અને ગભરાટનો માહોલ સર્જાયો છે.

નસવાડીના ચાર પેટ્રોલપંપ ઉપર પેટ્રોલ અને ડીઝલનો જથ્થો ખલાસ, પેટ્રોલપંપો ઉપર મોટી મોટી લાઇનો

પહેલી વાર નસવાડીના પેટ્રોલપંપો ઉપર પેટ્રોલ ડીઝલનો જથ્થો ખલાસ થતા તમામ પેટ્રોલ પંપ માલિકો કંપનીઓ પાસે જથ્થો માંગી રહ્યા છે

(પ્રતિનિધિ) નસવાડી, તા.24

નસવાડી ના ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ અને નાયરા કંપની ના પેટ્રોલપંપ આવેલા છે. છેલ્લા 30 કલાક ઉપરાંતના સમયથી પેટ્રોલ ડીઝલ માટે મોટી મોટી કતારો લાગતા નસવાડી ક્વાંટ રોડ ઉપર આવેલ નાયરા અને ઈન્ડિયન ઓઈલ ના પેટ્રોલપંપ ઉપર પેટ્રોલ ડીઝલ ખલાસ થઈ ગયું હતું. જ્યારે બીજા પેટ્રોલપંપ ઉપર પણ પેટ્રોલ ડીઝલ ખલાસ થઈ ગયો હતો જ્યારે લોકો મોટી સંખ્યામાં કારબા લઈને પેટ્રોલ ડીઝલ ભરાવવા માટે દોડધામ કરતા નસવાડીના પેટ્રોલપંપો ઉપર નો પેટ્રોલ ડીઝલ નો જથ્થો ખલાસ થઈ ગયા હતા, હાહાકાર મચી ગયો છે. પહેલી વાર નસવાડીના પેટ્રોલપંપો ઉપર પેટ્રોલ ડીઝલનો જથ્થો ખલાસ થતા તમામ પેટ્રોલ પંપ માલિકો કંપનીઓ પાસે જથ્થો માંગી રહ્યા છે. બીજી તરફ સરકાર કહે છે કે જથ્થો પૂરતો ઉપલબ્ધ છે બીજી તરફ સવારથી પેટ્રોલ ડીઝલ ના ટેન્કર આવ્યા નથી. જ્યારે પેટ્રોલ ડીઝલનો જથ્થો ખલાસ થતા લોકોમાં વધારે દહેશત

ફેલાશે એક તરફ સરકાર અને મંત્રીઓ પેટ્રોલ ડીઝલનો જથ્થો હોવાના દાવા કરે છે. ત્યારે પેટ્રોલ ડીઝલ ખલાસ થવાની ઘટનાથી નસવાડી તાલુકાના 210 ગામોમાં વધુ પડતી પેટ્રોલ ડીઝલની માંગ ઉઠશે. સીએનજી પંપ ઉપર પણ સપ્લાય ગેસનો ઓછો આવી રહ્યો છે. સીએનજી ગેસની ગાડીઓ ઓછી આવતી હોવાથી વાહન ચાલકો ને લાઈનમાં ઊભું રહેવું પડે છે.

ભીલ સમાજ સુધારણા મંચ દ્વારા પીડિત પરિવારને વહાવ્યો મદદનો હાથ

કવાંટના હાફેશ્વર ગામે આકસ્મિક આગમાં ઘર ખાક થતા માનવતા મહેકી

મંચના અગ્રણી ભાઈઓએ સાથે મળીને રૂ. 5,500/- ની રોકડ રકમ એકત્ર કરી પીડિતિના હાથમાં સોંપી

(પ્રતિનિધિ) કવાટ, તા.24

કવાંટ તાલુકાના હાફેશ્વર ગામની, જ્યાં એક ગરીબ પરિવારે અચાનક આવેલી આફતમાં પોતાનું ઘર અને ઘરવખરી ગુમાવી દીધી છે. પરંતુ, મુશ્કેલીના આ સમયમાં સમાજની સંવેદનશીલતાએ એક ઉમદા દાખલો બેસાડ્યો છે."

કવાંટ તાલુકાના હાફેશ્વર ગામના આમલાપાણી ફળિયામાં

રહેતા ભીલ ધનજીભાઈ ઉત્તરાણિયાભાઈના ઘરે એક આકસ્મિક ઘટનામાં આગ લાગી હતી. આ આગ એટલી ભયાનક હતી કે ધનજીભાઈનું આખું ઘર બળીને રાખ થઈ ગયું. ઘરની તમામ જીવનજરૂરી ચીજવસ્તુઓ આગમાં સ્વાહા થઈ ગઈ હતી. પરિવારની આ વિકટ પરિસ્થિતિ જોઈને 'ભીલ સમાજ સુધારણા મંચ'ની ટીમ તત્કાલ મદદે આવી પહોંચી હતી. મંચના કાર્યકરોએ અનાજ, કપડાં, વાસણો, તેલ અને મસાલા જેવી ઘરવખરીની તમામ સામગ્રી પૂરી પાડીને પરિવારને બેઠા થવામાં મદદ કરી હતી. એટલું જ નહીં, મંચના અગ્રણી ભાઈઓએ સાથે મળીને રૂ. 5,500/- ની રોકડ રકમ એકત્ર કરી પીડિત પરિવારના હાથમાં સોંપી હતી. માનવતાના આ સેવાકાર્ય બદલ સમગ્ર પંથકમાં ભીલ સમાજ સુધારણા મંચની ભારે સરાહના થઈ રહી છે. અમે પણ આ તમામ સેવાભાવી અગ્રણી ભાઈઓને હૃદયપૂર્વક અભિનંદન આપીએ છીએ અને તેમના આ સેવાભાવી ભાવને સલામ કરીએ છીએ.

બોડેલી-છોટાઉદેપુર રોડ પર હોટલ તોરલ પાસે અકસ્માત

અકસ્માતના કારણે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા

(પ્રતિનિધિ) બોડેલી, તા.24

બોડેલી-છોટાઉદેપુર હાઈવે પર આવેલી હોટલ તોરલ નજીક એક કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતા જ સ્થાનિકોના લોકટોળા ટોળા ઉમટી પડ્યા હતા અને ઈજાગ્રસ્ત બાઈક ચાલકને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માતને પગલે હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી હતી અને ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતા જ બોડેલી પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને અકસ્માત વાહનોને સાઈડમાં કરાવી ટ્રાફિક હળવો કરવાની કામગીરી હાથ ધરી હતી, તેમજ અકસ્માત અંગે કાયદેસરની તપાસ શરૂ કરી છે.

ટેકરા પર વસવાટ કરતી સગર્ભાઓને ઝોળીમાં લઈ જવાની ઘટના પર ધારાસભ્યના નિવેદનથી વિવાદ

નસવાડીમાં લોકાર્પણ કાર્યક્રમમાં ધારાસભ્ય અભેસિંગભાઈના વિવાદી બોલ લોકોને મોપર કહ્યું તમારો વાંક છે

(પ્રતિનિધિ) સંખેડા, તા.24

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના ગઢબોરીયાદ આરોગ્ય કેન્દ્ર ના કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય અભેસિંગભાઈ તડવી વિવાદમાં આવ્યા નસવાડીના ગઢબોરીયાદ આરોગ્ય કેન્દ્રના લોકાર્પણ વખતે લોકોએ એમ્બ્યુલન્સ એસટી બસ અને રસ્તા ની સમસ્યાની રજૂઆત કરી ત્યારે ધારાસભ્ય જાતે દોષિત ગણાવી ધારાસભ્ય

કહ્યું કે લોકો ટેકરા ઉપર રહે છે એટલે એમ્બ્યુલન્સ પહોંચી શકતી નથી એમાં અમારો કોઈ વાંક નથી નસવાડીમાં 100 થી વધુ ફળિયા ને જોડતા રસ્તા અને એસટી બસ સેવા અંગે લાંબા સમયથી માંગનીવો અને સુવિધાઓ બાકી છે. કાર્યક્રમ દરમિયાન પ્રજાનીગ સમસ્યાઓને બદલે નિવેદનથી ધારાસભ્યની કાર્ય શૈલીપર સવાલો સગર્ભામહિલાઓને જોલીમાં ઊંચકીને લઈ જવી પડે છે પ્રજાની પીડા સમજવાને બદલે ધારાસભ્ય ના આવા તીવર જોઈને સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

પાદરામાં એક દુઃખદ બનાવ સામે આવ્યો

પાદરા નજીક કરંટ લાગતા યુવાનનું મોત, બોરવેલ પાસે દુર્ઘટના

કરંટ લાગતા 24 વર્ષીય યુવાનનું મોત નિપજ્યું

(પ્રતિનિધિ) પાદરા, તા.24

મળતી માહિતી મુજબ પાદરા થી ડભાસા જવાના રસ્તા ઉપર આવેલ સરકારી નર્સરી પાસે આ ઘટના બની હતી. પાદરા ના રહેવાસી રાહુલભાઈ રાજુભાઈ માળી (ઉ.વ. 24) પોતાના ઘર નજીક આવેલા બોરવેલ પર પાણી ભરવા ગયા હતા. ત્યારે તેઓએ પાણી ભરવા માટે કારબો મૂક્યો હતો અને બાજુમાં પડેલી લોખંડની પાઈપ લઈ સરગવાના ઝાડ પરથી સીંગો પાડતા હતા. આ દરમિયાન અચાનક તેમના હાથમાં રહેલી લોખંડની પાઈપ નજીકથી પસાર થતી ઈલેક્ટ્રિક વીજ લાઈનને અડી જતા તેમને જોરદાર કરંટ લાગ્યો હતો. ઘટનાની જાણ થતા તાત્કાલિક તેમને પાદરા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે પાદરા પોલીસ સ્ટેશનમાં અ.મોત મુજબ નોંધ કરવામાં આવી છે અને પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આ ઘટના પછી વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. સાથે જ લોકોએ વીજ લાઈનોની નજીક સાવચેતી રાખવાની અને આવી જોખમી પ્રવૃત્તિઓથી દૂર રહેવાની અપીલ કરવામાં આવી છે.

છોટાઉદેપુરના ટામેટા પકવતા ખેડૂતોને માથે દશા : ટામેટાના ભાવ તળીયે

કોલ્ડ સટોરેજના અભાવે ટામેટા ફેકી દેવા પડે છે

(પ્રતિનિધિ) છોટાઉદેપુ, તા.24

છોટાઉદેપુર જિલ્લાના સાત તાલુકામાં ટામેટા પકવતા ખેડૂતો ની માંથી દશા હાલ માં ટામેટા ના ભાવ 6 થી 7 રૂપિયા કિલો ના થઈ ગયા છે. જ્યારે છોડ ઉપર ટામેટા પાકી જતા ખેડૂતો તોડવા અને વેચવા માટે મજબૂર બન્યા છે જ્યારે છોટાઉદેપુર જિલ્લામાં કોઈ પણ જગ્યાએ કોલ્ડ સ્ટોરેજ ની સુવિધા નથી ખેડૂતો ને માલ તોડી ને તાત્કાલિક જ વેચી દેવો પડે છે.

છોટાઉદેપુર જિલ્લામાં નસવાડી બોડેલી સંખેડા કવાંટ પાવીજેતપુર

છોટાઉદેપુર કદવાલ સાત તાલુકા આવેલા છે જ્યારે ખેડૂતો સારા ભાવ મળશે તે આશાથી ટામેટાંની ખેતી કરી હતી. પરંતુ જ્યારે પાક તૈયાર થઈ ગયો ત્યારે ટામેટાના ભાવ તળિયે બેસી ગયા છે. હાલમાં ટામેટાનો ભાવ 6 થી 7 રૂપિયા એક કિલોના મળી રહ્યા છે.

જ્યારે અચાનક આવેલ વાવાઝોડુંમાં ટામેટાના છોડ નમી પડ્યા હતા જેના કારણે પણ ખેડૂતો ને નુકશાન થયું હતું. ત્યારે જ્યારે છોટાઉદેપુર જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા ટામેટાની ખેતીમાં નુકશાનીનું કોઈ સર્વે પણ કરવામાં આવતું નથી જ્યારે છોડ ઉપર ટામેટા પાકી જતા ખેડૂતો તોડવા માટે મજબૂર બન્યા છે જ્યારે ટામેટા તોડવાનો અને ખેતી પકવવા માટેનો લાખો રૂપિયા ખર્ચ ખેડૂતો એ કર્યો હતો. પરંતુ ટામેટાના ભાવ તળિયે બેસી જતા ખેડૂતોની હાલત કફોડી બની છે જ્યારે છોટાઉદેપુર જિલ્લામાં કોઈ પણ જગ્યાએ કોલ્ડ સ્ટોરેજની સુવિધા નથી ખેડૂતોને માલ તોડી ને તાત્કાલિક જ વેચી દેવો પડે છે. જેના કારણે જે ભાવ મળે તે ભાવ માં માલ વેચવા માટે ખેડૂતો ને મજબૂર થવું પડે છે. છોટાઉદેપુર જિલ્લામાં વર્ષો થી ખેડૂતો કોલ્ડ સ્ટોરેજ ની માંગણી કરી રહ્યા છે.

કેમિકલ માફિયાઓ બેફામ બન્યા

સાંકરદા ભાદરવા રોડ પર ખેતરમાં અજાણ્યા સખ્શો રાત્રિના સમયે કેમિકલ ઠાલવી ગયા

કેમિકલ અવાવરુ જગ્યાએ ઠાલવવાની પ્રવૃત્તિ અટકતી નથી

(પ્રતિનિધિ) સાવલી, તા.24

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના શાંકરદા-ભાદરવા રોડ પર આવેલા રાણીયા ગામની સીમ વિસ્તારના એક ખેતરમાં રાત્રિના સમયે અજાણ્યા વાહન દ્વારા શંકાસ્પદ ઝેરી કેમિકલ ઠાલવવામાં આવ્યું હતું. આ ઘટનાને કારણે આસપાસના વિસ્તારોમાં ભારે દુર્ગંધ ફેલાઈ ગઈ હતી પ્રાથમિક માહિતી અનુસાર, અંધારાનો લાભ લઈ રાત્રિના સમયે કાળા રંગનું ઝેરી કેમિકલ ખેતરમાં ઠાલવવામાં આવ્યું હતું. આ ઘટનાને કેમિકલ માફિયાઓની બેફામ પ્રવૃત્તિ સાથે

જોડવામાં આવી રહી છે ખેતરમાં ઠાલવેલા આ શંકાસ્પદ કેમિકલના જથ્થાને કારણે સ્થાનિકોના આરોગ્ય પર જોખમ ઊભું થયું છે. વિસ્તારમાં ફેલાયેલી તીવ્ર દુર્ગંધથી સ્થાનિક રહેવાસીઓમાં ભય અને રોષ જોવા મળી રહ્યો છે પણ હાલમાં પણ વહીવટી તંત્રની નિષ્ક્રિયતા લઈ લીધી આવી ઘટના બની છે આ પ્રકારની વારંવાર બનતી ઘટનાઓ છતાં શંકાસ્પદ અને આરોગ્ય માટે જોખમી કેમિકલ અવાવરુ જગ્યાએ ઠાલવવાની પ્રવૃત્તિ અટકતી નથી.

ડભોઈના વેગા ચોકડી વિસ્તારમાંથી બિનવારસી લાશ મળી આવતા ચકચાર

ડભોઇ, તા. 24

તા. 22/03/2026 ના રોજ બપોર બાદ ડભોઈના વેગા ચોકડી પાસે એક અજાણ્યા યુવકની લાશ મળી આવી હતી. ઘટનાની જાણ થતા સ્થાનિક લોકોના ટોળા એકઠા થયા હતા અને તરત જ પોલીસને જાણ કરવામાં આવી હતી.મૃતકની ઉમર અંદાજે 35 થી 40 વર્ષ વચ્ચે હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ખાસ નોંધનીય વાત એ છે કે મૃતકના જમણા હાથ પર ત્રણ તારા નું ટેટુ બનાવેલું હોવાનું સામે આવ્યું છે, જેના આધારે ઓળખ મેળવવાનો પ્રયાસ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવ્યો છે.ડભોઇ પોલીસે લાશને કબજે લઈ યુવકની ઓળખ અંગે તપાસ શરૂ કરી છે. સાથે જ આસપાસના વિસ્તારો માં ગુમ થયેલ વ્યક્તિઓની માહિતી મેળવવામાં આવી રહી છે.